# આંધ્રમાં રેલ અકસ્માતમાં ૨૫નાં મોત

હૈદરાબાદ,તા.૨૨

આંધ્રપ્રદેશના અનંતપુર જિલ્લાના પેનુકોન્ડા સ્ટેશન ખાતે બેંગ્લોર જતી હમ્પી એક્સપ્રેસ માલગાડી સાથે ટકરાઈ જતા ઓછામાં ઓછા ૨૪ લોકોના મોત થયા છે જે પૈકી ઓછામાં ઓછા ૧૬ યાત્રી આગ ફાટી નીકળતા ભડથું થઈ ગયા હતા. બેંગ્લોર જતી હમ્પી એક્સપ્રેસના ડ્રાઈવરે સિગ્નલ તરફ ધ્યાન આપ્યું ન હતું જેથી આ મોટી દુર્ઘટના સર્જાઈ હતી. અકસ્માતમાં ૭૦થી વધુ લોકો ઘાયલ થયા છે જે પૈકી અનેકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. જેથી આ ટ્રેન અકસ્માતમાં મોતનો આંકડો વધે તેવી સંભાવના છે. આજે વહેલી પરોઢે ૩.૧૫ વાગે આ દુર્ઘટના સર્જાઈ હતી. પેનેગોન્ડામાં નજીકની હોસ્પિટલમાં તમામને દાખલ કરવામાં આવ્યા હતા. મળેલી માહિતી મુજબ ત્રણ ડબ્બા, એક એસએલઆર અને બે સામાન્ય સેકેન્ડ ક્લાસના ડબ્બા ખડી પડ્યા હતા. અથડામણના કારણે રેલવે તંત્રમાં ભારે ભાગદોડ મચી ગઈ હતી. આ કોચ પૈકીના એક કોચમાં આગ ફાટી નીકળી હતી. માહિતી મળતાની સાથે જ રેલવે અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી હતી. આગને તરત જ કાબુમાં લઈ લેવામાં આવી હતી. ટ્રેનના નુકશાન પામેલા ડબ્બાઓમાં ફસાઈ ગયેલા યાત્રીઓને બહાર કાઢવા માટે અને તેમને મદદ કરવા માટે તરત જ કામગીરી હાથ ધરવામાં આવી હતી. વળી ગયેલા ડબ્બાઓ અને કોચને વ્યવસ્થિત કરવા માટે ગેસ કટરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. રેલવે પ્રવક્તાએ કહ્યું છે કે બેંગ્લોર જતી હેમ્પી એક્સપ્રેસ અને માલગાડી વચ્ચે થયેલી ટક્કરના મામલામાં કોઈ કારણ જાણી શકાયું નથી પરંતુ એમ લાગે છે કે હમ્પી એક્સપ્રેસના ડ્રાઈવરે સિગનલ તરફ ધ્યાન આપ્યું ન હતું. વરિષ્ઠ રેલવે અધિકારીઓ બચાવ અને રાહત કામગીરી ઉપર નજર રાખી રહ્યા હતા. રેલવે પ્રધાન મુકુલ રોય ઘટના સ્થળે પહોંચી ગયા હતા. રેલવે બોર્ડના સભ્ય (ટ્રાફિક) અને સભ્ય (મેકેનિક) પણ ઘટના સ્થળે પહોંચી ગયા છે.

દરમિયાન હેલ્પલાઈન નંબરની પણ શરૂઆત કરવામાં આવી હતી. રેલવે પ્રવક્તાએ માહિતી આપતા કહ્યું છે કે અકસ્માત ખૂબ જ પ્રચંડ હતો. આ મામલામાં તપાસનો આદેશ પણ આપી દેવામાં આવ્યો છે. કમિશનર રેલવે સેફ્ટી (સાઉથર્ન સર્કલ) એસકે મિત્તલ આ મામલામાં તપાસ કરશે અને શક્ય તેટલી વહેલીતકે અહેવાલ સુપ્રત કરશે. અકસ્માતના કારણને જાણવા માટે પ્રયાસ હાથ ધરવામાં આવ્યા હતા. રેલવે બોર્ડના ચેરમેન વિનય મિત્તલે અલ્હાબાદની યાત્રા ટૂંકાવી દીધી છે અને તેઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. રેલવે બોર્ડના સભ્યો પણ ઘટનાસ્થળે જવા રવાના થયા હતા. અકસ્માતની જાણ થતા રેલવે પ્રધાન મુકુલ રોય પણ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. આગના કારણે ભડથું થઈ ગયેલા યાત્રીઓમાં મોટા ભાગની મહિલાઓ યાત્રી હતી. સ્ટેશનરી માલગાડી સાથે એક્સપ્રેસ ટ્રેન અથડાયા બાદ જે ડબ્બામાં આગ ફાટીનીકળી હતી તે ડબ્બામાં આ મહિલા યાત્રીઓ હતી. ઈજાગ્રસ્તોને પેનુકોન્ડા, હિન્દુપુર અને અનંતપુરમાં આવેલી હોસ્પીટલમાં દાખલ કરાયા હતા. ભોગ બનેલા મોટાભાગના લોકો કર્ણાટકમાં હુબલી અને હોસ્પેટના મજુરો હોવાનું જાણવા મળ્યુ છે. આ લોકો બેંગ્લોર જઈ રહ્યા હતા.

## મૃતકોના પરિવારને ૫ લાખનું વળતર

બેંગ્લોર જતી હંપી એક્સપ્રેસ માલગાડી સાથે અથડાઈ ગયા બાદ બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી હતી. સાથે સાથે ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ અકસ્માતમાં ૨૪ લોકોના મોત થઈ ચુકયા છે. બનાવની જાણ થતા જ રેલવે પ્રધાન મુકુલ રોય જે કોલકત્તામાં હતા તે ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને ટ્રેન અકસ્માતના મામલામાં તપાસનો આદેશ આપ્યો હતો. કમિશનર રેલવે સેફ્ટી આ મામલામાં તપાસ કરશે. અને શક્ય તેટલી વહેલીતકે અહેવાલ સોંપશે. બીજી બાજુ રોયે આ અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકોમાં સગા સંબંધિને રૂપિયા પાંચ લાખનું વળતર આપવાની જાહેરાત કરી છે. જ્યારે ગંભીર રીતે ઘાયલોને રૂપિયા એક લાખ આપવાની જાહેરાત કરવામાં આવી છે. નજીવી ઈજા પામેલા લોકોને ૫૦હજાર રૂપિયા આપવાની જાહેરાત કરાઈ છે. ઈજાગ્રસ્તોને નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા બાદ તેમને સર્વશ્રેષ્ઠ સારવાર આપવામાં આવી રહી છે. અકસ્માત સર્જાયા બાદ સગા સંબંધીઓમાં પણ ચિંતાનું મોજુ ફરી વળ્યુ છે. આ અકસ્માતની માહિતી મેળવવા વહેલી સવારથી જ ભાગ દોડ જોવા મળી હતી.

## નિર્મલ બાબાની અરજી પરનો ચુકાદો અનામત

નવી દિલ્હી, તા. ૨૨

પટણા હાઈકોર્ટે વિવાદાસ્પદ જાતે બની બેઠેલા ગોડમેન નિર્મલ બાબા દ્વારા દાખલ કરવામા આવેલી અરજી પર તેનો ચુકાદો આજે ૨૩મી સુધી અનામત રાખ્યો હતો. તેમની સામે સ્થાનિક કોર્ટ દ્વારા જારી કરવામા આવેલી બિન જામીન પાત્ર ધરપકડ વોરંટની કાયદેસરતાને પડકાર ફેકીને દાખલ કરવામા આવેલી અરજી પર ચુકાદો અનામત રાખવામા આવ્યો હતો. નિર્મલ બાબા ઉર્ફે નિર્મલજીત સિંહ નરુલાએ ગઈકાલે પટણા હાઈકોર્ટમાં અપીલ કરી હતી. બિહારના અરારિયા જિલ્લામાં એક કોર્ટે તેમની સામે બિન જામીનપાત્ર ધરપકડ વોરંટ જારી કર્યુ હતુ.

રાકેશ કુમાર દ્વારા દાખલ કરવામા આવેલી અરજી પર ચુકાદો આપતી વેળા આ મુજબનો આદેશ કરવામા આવ્યો હતો. રાકેશ કુમારે આક્ષેપ કર્યો હતો કે નિર્મલ બાબાએ તેમની સાથે છેતરપિંડી કરી છે. બિહારના અરારિયા જિલ્લામા પોલીસ સ્ટેશનમાં એક એફઆઈઆર દાખલ કરાઈ હતી જેમા નિર્મલ બાબા પર છેતરપિંડી અને વિશ્વાસ ભંગનો આક્ષેપ કરાયો હતો. નિર્મલ બાબા સામે હાલના સમયમાં ઘણા લોકોએ છેતરપિંડીની ફરિયાદ દાખલ કરી છે. નિર્મલ બાબાએ આ અરજી સામે વિરોધ કરીને અપીલ કરી દીધી છે હવે પટણા હાઈકોર્ટે તેમની અરજી પર આવતી કાલે ચુકાદો આપશે.

# કેરોસીન પર સીધી સબસિડી આપવાની સરકારની તૈયારી

નવી દિલ્હી,તા. ૨૨

સરકારે આજે કહ્યુ હતુ કે કેરોસીન ઉપર સીધી સબસિડી આપવાની તે યોજના ધરાવે છે. કેરોસીન ઓઈલના લાભ મેળવનાર લોકોને સીધી સબસિડી આપવાની હિલચાલ ચાલી રહી છે. રાજસ્થાનના અલવર જિલ્લામા હાથ ધરવામા આવેલા આ પ્રોજેક્ટના સારા પરિણામ હાથ લાગ્યા છે. રાજયસભામા પેટ્રોલિયમ અને કુદરતી ગેસ માટેના રાજયપ્રધાન આરપીએન સિંહે કહ્યુ હતુ કે કેરોસીન ઉપર સીધી સબસિડી ભવિષ્યમાં આપવામા આવશે. અમે આ દિશામા આગળ વધી રહ્યા છે. યૂઆઈડી કાર્ડનો ઉપયોગ કરીને સીધી સબસિડી આપવામા આવશે. પાયલોટ પ્રોજેક્ટથી ફાયદો થઈ રહ્યો છે. તેમણે કહ્યુ હતુ કે સરકાર વર્ષ ૨૦૧૧-૨૦૧૨ દરમિયાન ૧૩૮૫૪૧ કરોડ રૂપિયાની સબસિડી ઉપલબ્ધ કરાવી હતી. વર્તમાના નાણાકીય વર્ષ દરમિયાન પેટ્રોલિયમ પેદાશો પર ૧૮૯૬૦૫ કરોડ

રૂપિયાનુ સબસિડી બોજ બાકી છે. પ્રશ્ન કલાક દરમિયાન પ્રધાને કહ્યુ હતુ કે સરકાર સિલિન્ડર દીઠ ૫૦૩ રૂપિયાની સબસિડીનો બોજ ઉઠાવી રહી છે. જ્યારે કેરોસીન પર લિટર દીઠ ૩૨ રૂપિયાની સબસિડીનો બોજ છે. જ્યારે ઓઈલ માર્કેટીંગ કંપનીઓને થઈ રહેલા ડીઝલ પર નુકસાન લીટરદીઠ ૧૩.૬૪ રૂપિયા છે. તેમણે સુચન કર્યુ હતુ કે સબસિડીને ગટાડવામા આવે તે જરૂરી છે. પ્રધાને તેમના એલપીજી ક્વોટાથી દૂર રહેવા સભ્યોને અપીલ કરી હતી. તેમણે એમ પણ કહ્યુ હતુ કે તમામ સાંસદો તરફથી આવી દરખાસ્ત આવી જોઈએ તેમા એવો ઉલ્લેખ હોવો જોઈએ કે તેઓ તેમના એલપીજી સિલિન્ડર પર સબસિડી લેશે નહી. આનાથી એવો સંદેશ પણ જશે કે સબસિડી મતલબ ગરીબ લોકો માટે છે. અમીર લોકો પણ સબસિડી લઈ રહ્યા છે. સબસિડી ગરીબ અન્ય મધ્યમ વર્ગના લોકોને આપવામા આવે છે. પ્રધાને કહ્યુ હતુ કે ગરીબ અને મધ્યમવર્ગના લોકોને સીધી સબસિડી આપવાનો પ્રોજેક્ટ રાજસ્થાનના અલવર જિલ્લામાં સફળ બન્યો છે.

## ભ્રષ્ટાચારી વિરુદ્ધ કડક પગલાં લેવા સોનિયા ગાંધીનો અનુરોધ

નવી દિલ્હી,તા. ૨૨

કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ આજે ભ્રષ્ટાચારના કેસોમા સામેલ લોકો સામે કઠોર પગલા લેવા યૂપીએ સરકારને અપીલ કરી હતી. યૂપીએ સરકારે બીજી અવધિના ત્રણ વર્ષ પરિપૂર્ણ કરી લીધા છે. કોંગ્રેસ કારોબારી બેઠકને સંબોધતા સોનિયા ગાંધીએ કહ્યુ હતુ કે ભ્રષ્ટાચારમાં સામેલ લોકો સામે કઠોર પગલા લેવામા આવે તે જરૂરી છે. કલીનઅપ એકટનુ વચન આપતા સોનિયા ગાંધીએ કહ્યુ હતુ કે ભ્રષ્ટાચારના કારણે પક્ષની પ્રતિષ્ઠાને સતત નુકસાન થઈ રહ્યુ છે. સોનિયા ગાંધીએ કોંગ્રેસ પક્ષના નેતાઓને કહ્યુ હતુ કે ભ્રષ્ટાચારની પ્રવૃત્તિમાં સામેલ તમામ લોકો સામે કઠોર પગલા લેવામા આવે વડાપ્રધાન મનમોહનસિંહ યૂપીએ-૨ સરકારની કામગીરી અંગે રિપોર્ટ કાર્ડ જારી કરવાની તેયારીમાં છે ત્યારે ગાંધીએ મુજબની પ્રતિક્રિયા આપી છે. વડાપ્રધાને કેન્દ્રમાં યૂપીએ-૨ની ત્રીજી વર્ષગાંઠના નિમિત્તે ડિનરનુ આયોજન કર્યુ હતુ જેમાં તૃણમુલ કોંગ્રેસના મમતા બેનર્જી, ડીએમકેના વડા નેતા કે કરુણાનિધી, બહુજન સમાજપાર્ટીના વડા માયાવતી ઉપસ્થિત રહ્યા ન હતા. કોંગ્રેસના નેતૃત્વમાં સરકારે ત્રણ વર્ષ પૂર્ણ કરી લીધા છે. સરકાર સામે હજુ પણ ઘણા પડકાર બાકી છે. જેમા રિટેલમાં એફડીઆઈનો સમાવેશ થાય છે. ભાવ વધારા, ભ્રષ્ટાચાર અને હિંસા જેવા ઘણા મામલાઓને લઈને લોકોમાં નારાજગી વધી રહી છે જેના લીધે ૨૦૧૪ની સામાન્ય ચૂંટણી કોંગ્રેસ માટે પડકાર રૂપ બની શકે છે. આ ઉજવણી એવા સમયે કરવામા આવી રહી છે જ્યારે નવા ઓપિનિયન પોલમાં કહેવામા આવ્યુ છે કે ૬૬ ટકા શહેરી વસ્તી યૂપીએ સરકારની કામગીરીથી નાખુશ છે.

## જયા પ્રદા ભાજપમાં સામેલ થાય તેવી વકી

નવી દિલ્હી,તા.૨૨

જયા પ્રદાને ભાજપમાં લાવવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. ભાજપ સારી રીતે જાણે છે કે વર્ષ ૨૦૧૪માં દિલ્હીમાં કબજો જમાવવા માટે ઉત્તર પ્રદેશમાં દેખાવ સુધારવાની બાબત મહત્વપૂર્ણ છે. જેથી ભાજપે ઉત્તર પ્રદેશમાં વર્ચસ્વ ધરાવતાં લોકોની શોધખોળ હાથ ધરી છે. બાબુસિંહ કુશવાહ મામલામાં પ્રતિષ્ઠાને ફટકો પડ્યા બાદ ભાજપે સાવધાનીપૂર્વક નવા લીડરોની શોધખોળ હાથ ધરી છે. મળેલી માહિતી મુજબ સમાજવાદી પાર્ટી સાથે છેડો ફાડી ચૂકેલી રામપુરની સાંસદ અને વિતેલા વર્ષોની અભિનેત્રી જયા પ્રદાને ભાજપમાં લાવવાના પ્રયાસો હાથ ધરાયા છે. જયા પ્રદાની ભાજપમાં એન્ટ્રી નિશ્ચિત દેખાઈ રહી છે. કોઈપણ સમયે આની જાહેરાત થઈ શકે છે.

# રઇમીએ કોર્ટમાં હાજર થવા માટે શાહરૂખને કોર્ટનો હુકમ

નવી દિલ્હી,તા.૨૨

અભિનેતા શાહરૂખ ખાન સામેની તકલીફમાં દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો છે. જાહેર સ્થળે ધૂમ્રપાન બદલ શાહરૂખ ખાન સામે કોર્ટે ફરિયાદની નોંધ લીધાના ત્રણ સપ્તાહ બાદ શાહરૂખ ખાનને સમન્સ આપવા માટે જયપુરથી એક પોલીસ અધિકારી મુંબઈ માટે રવાના થઈ ચૂકયા છે. જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમ ખાતે આઈપીએલની મેચ દરમિયાન શાહરૂખ ખાન ધૂમ્રપાન કરતો કેમેરામાં કેદ થઈ ગયો હતો. ત્યારબાદથી કોર્ટે શાહરૂખ ખાનને ફરિયાદની નોંધ લઈને ઠપકો આપ્યો હતો. હવે કોર્ટ ૨૬મી મેના દિવસે સુનાવણી વેળા હાજર થવા શાહરૂખ ખાનને આદેશ કર્યો છે. શાહરૂખ ખાનના બંગલા ઉપર પહોંચવા માટે એક પોલીસ અધિકારી રવાના થઈ ચૂકયા છે. પોલીસ અધિકારી મોહરસિંહે કહ્યું છે કે શાહરૂખને

સમન્સ આપવા એક અધિકારી રવાના થયા છે. ફરિયાદી આનંદસિંહ રાઠોડે ૯મી એપ્રિલના દિવસે કોર્ટમાં અપીલ કરી હતી. આઈપીએલની મેચના એક દિવસ બાદ કોર્ટમાં ફરિયાદ કરવામાં આવી હતી. જયપુરમાં ખાનગી ક્રિકેટ એકેડમીના ડિરેક્ટર આનંદસિંહ રાઠોડે અપીલ દાખલ કરીને શાહરૂખ સામે કાર્યવાહી કરવા અપીલ કરી હતી. તેમને આક્ષેપ કર્યો હતો કે જાહેર સ્થળો પર ધૂમ્રપાન પર પ્રતિબંધ હોવા છતાં કલકત્તા નાઈટ રાઈડર્સના માલિક અને અભિનેતા શાહરૂખ ખાને હજારો ક્રિકેટ ચાહકોની હાજરીમાં ધૂમ્રપાન કરીને ધારાધોરણોનો ભંગ કર્યોછે. રાઠોડના વકીલ નેમસિંહે કહ્યું હતું કે ૨૬મી એપ્રિલના દિવસે કોર્ટના આદેશ બાદ પોલીસને સમન્સ મોકલી દેવામાં આવ્યો હતો. પોલીસ સમન્સ આપવામાં વિલંબ કરી રહી છે. વકીલે કહ્યું છે કે અદાલતે આ સમગ્ર મામલાની ગંભીર નોંધ લીધી છે. જો શાહરૂખ ખાન ૨૬મી મેના દિવસે હાજર થવામાં નિષ્ફળ જશે તો કોર્ટ જામીન પાત્ર ધરપકડ વોરંટ જારી કરશે.

## નક્સલીને ત્રાસવાદી ટ્રેનીંગ મળી રહી છે

નવી દિલ્હી,તા.૨૨

બળવાખોર સંગઠનો અને આતંકવાદીઓ વચ્ચે સીધા સંબંધો હોવાના સમાચાર અનેક વખત આવી ચુકયા છે. ત્રાસવાદી સંગઠનો નક્સલવાદીઓને માત્ર હથિયારોનો જથ્થો જ આપી રહ્યા નથી બલ્કે નક્સલવાદીઓને લશ્કરી ટ્રેનીંગ પણ આપી રહ્યા છે. એનઆઈએ દ્વારા વ્યાપક તપાસ બાદ મણીપુરના પીપલ્સ લિબ્રેશન આર્મીના ત્રણ સભ્યોની સામે કેસ દાખલ કર્યો છે. ગુવાહાટી સ્થિત એનઆઈએની ખાસ અદાલતને આ મામલો દાખલ કરવામાં આવ્યો છે. સીપીઆઈ માઓવાદી અને મણીપુરમાં સક્રીય પીએલએ વચ્ચે સીધા સંબંધ રહેલા છે. પીએલએ અને નક્સલવાદીઓ વચ્ચે સીધા સંબંધ હોવાની બાબત જાણવા મળ્યા બાદ કેસ દાખલ કરવામાં આવ્યો છે.

# પેટ્રોલમાં લીટરદીઠ પાંચ અને ડીઝલમાં ત્રણના વધારાની શક્યતા

નવી દિલ્હી,તા. ૨૨

ચારે બાજુ મોંઘવારીનો સામનો કરી રહેલા સામાન્ય લોકો ઉપર પેટ્રોલ બોમ્બ ફુટે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. મળેલી માહિતી મુજબ ડીઝલ, પેટ્રોલ અને કેરોસીનની કિંમત મામલે વહેલી તકે નિર્ણય લેવા સરકાર ઉપર ઈન્ડિય ઓઈલ કોર્પોરેશનને દબાણ વધારી દીધુ છે. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનના ચેરમેન આરએસ બુટોલાએ કહ્યુ છે કે પેટ્રોલ ઉપર લીટર દીઠ રૂપિયા આઠનુ નુકસાન થઈ રહ્યુ છે જ્યારે ડીઝલ પર આ નુકસાન ૧૩.૬૪ રૂપિયા છે. જ્યારે કેરોસીન ઉપર આ નુકસાન ૩૧.૪૧ રૂપિયા છે. નુકસાનને પહોંચી વળવા માટે પેટ્રોલિયમ પેદાશોની કિંમતમા વધારો કરવો અતિ જરૂરી છે. આ અગાઉ સંસદના બજેટ સત્ર દરમિયાન પર ઓઈલ કંપનીઓએ પેટ્રોલની કિંમતમાં લીટરદીઠ રૂપિયા પાંચ વધારવા માટે સરકારની પરવાનગી માંગી હતી. પેટ્રોલની કિંમત અંકુશમુક્ત કરવામા આવી હોવા છતા ઓઈલ કંપનીઓને હજુ પણ અનોપચારીક રીતે સરકારની મંજૂરી લેવી પડે છે. સરકારે મંજૂરી ન આપ્યા બાદથી સ્થિતિ વધુ ગંભીર બની ચુકી છે. બજેટ સત્ર પરિપૂર્ણ થઈ ગયા બાદ પેટ્રોલની કિંમતમાં લીટરદીઠ રૂપિયા પાંચ અને ડીઝલની કિંમતમાં લીટરદીઠ રૂપિયા ત્રણનો વધારો થઈ શેક છે તેવા અહેવાલ હાલમા આવ્યા હતા. ઓઈલ કંપનીઓને થઈ રહેલા નુકસાનને ધ્યાનમા લઈને આયોજન પંચે પણ પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં વધારો કરવા માટે તરફેણ કરી છે. ભારતીય રિઝર્વ બેંક અને નાણામંત્રીના સલાહકાર પહેલાથી જ પેટ્રોલની કિંમતમાં ભાવ વધારો કરવા માટે ઓઈલ કંપનીઓને માંગને ટેકો આપી ચુકયા છે. ડોલરની સરખામણીમાં રૂપિયો સતત નીચે જઈ રહ્યો છે આનીથી કંપનીઓને નુકસાન થઈ રહ્યુ છે જેથી સરકાર પેટ્રોલિયમ કંપનીઓના માંગને લીલી ઝંડી આપી શકે છે.

## આઇપીએલમાં દાઉદના પૈસા લાગેલા છે : બાબા રામદેવ

અલવર/નવી દિલ્હી,તા.૨૨

ફિક્સિંગ, છેડતી અને બ્લેક મનીના ઉપયોગ અને ક્રિકેટરોની પાર્ટીઓમાં ભાગીદારી જેવા ગંભીર આક્ષેપોમાં ફસાએલા આઈપીએલ ઉપર બાબા રામદેવે નવા આક્ષેપો કર્યા છે. તેમણે આક્ષેપ કર્યો છે કે આમાં અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમ જેવા લોકોના પૈસા પણ લાગેલા છે. બાબા રામદેવે સરકાર ઉપર આક્ષેપ કર્યો હતો કે સરકાર કાળા નાણાંને સ્વદેશ લાવવાના બદલે ભ્રષ્ટાચારમાં ફસાયેલા લોકોને બચાવવાના પ્રયાસ વધુ કરી રહી છે. વડાપ્રધાન મનમોહનસિંહ ઉપર સીધા આક્ષેપો કરતા બાબા રામદેવે કહ્યું હતું કે જે વડાપ્રધાનના નેતૃત્વ હેઠળ ૨૦૦ લાખ કરોડના કૌભાંડ થાય તે વડાપ્રધાન ઈમાનદાર છે કે કેમ તે બાબત સરળતાથી સમજી શકાય છે. અત્રે નોંધનીય છે કે આ અગાઉ પણ યોગગુરૂએ કહ્યું કે આઈપીએલ ભ્રષ્ટાચાર અને લાંચની વ્યુહરચના છે. રાજસ્થાનના અલવરમાં પત્રકારો સાથે વાતચીત કરતા યોગગુરૂએ કહ્યું હતું કે આઈપીએલમાં દાઉદ જેવા લોકોના પૈસા લાગેલા છે. આમાં ઘણાં નેતાઓની સંડોવણી છે. તેમના કાળા નાણાં પણ લાગેલા છે. આ જ કારણસર સરકાર લોકોને બચાવવાના પ્રયાસ કરી રહી છે. બાબાએ કહ્યું હતું કે વિદેશી બેંકોમાં જમા કાળા નાણાંને પરત લાવવાના ઝડપી પ્રયાસ થવા જોઈએ. આનાથી દેશની તમામ સમસ્યાઓનો નિકાલ આવશે. માઓવાદી સમસ્યાનો પણ અંત આવશે. માઓવાદીઓ હથીયાર ખરીદવા આ જ કાળા નાણાંનો ઉપયોગ કરી રહ્યા છે.

## એર ઈન્ડિયાને રોજ ૨૦ કરોડનું નુકશાન થાય છે

નવી દિલ્હી,તા. ૨૨

એર ઈન્ડિયાના પાયલોટોની હડતાળ ૧૫મા દિવસે પણ જારી રહી છે. ફેબ્રુઆરી અને માર્ચ મહિનામાં પગાર અને ભથ્થાઓની ચૂકવણી હજુ સુધી કરવામાં આવી નથી. રોકડ કટોકટીગ્રસ્ત એર લાઈનનું માસિક પગાર બિલ આશરે ૩૦૦ કરોડ રૂપિયાની આસપાસ છે. આની સાથે જ કુલ બાકી રકમ ૬૦૦ કરોડ રૂપિયા થઈ ગઈ છે. એરલાઈન્સને હડતાળના કારણે દરરોજ ૧૫થી ૨૦ કરોડનું નુકસાન હાલમાં થઈ રહ્યું છે. જો કે નાગરિક ઉડ્ડયન પ્રધાન અજીત સિંહે કહ્યું છે કે છેલ્લા બે વર્ષથી જે લોકોના પ્રમોશનને રોકવામાં આવ્યા છે તે લોકોના પ્રમોશનની જાહેરાત ટૂંક સમયમાં જ કરવામાં આવશે. અજીત સિંહ યુનિયનો સાથે તેમની પ્રથમ બેઠક યોજી ચુકયા છે. ત્રણ મહિના અગાઉ નાગરિક ઉડ્ડયન ખાતુ સંભાળનાર અજીતસિંહ સામે હાલમાં પડકારરૂપ સ્થિતિ ઊભી થઈ ગઈ છે.

## Hello ફ્રેન્ડસ! (પાના નં. ૪ નું ચાલુ)

અરે, મમ્મી મારી આંખો ખોલી નાંખી મારી દીકરી શિવાનીએ. એ હમણાં જ દસમું પાસ કરીને અગિયારમાં જવાની તેયારીમાં છે. એની બધી બહેનપણીઓ પાસે મોબાઈલ છે. એને પણ ઈચ્છા થઈ કે એને મોબાઈલ જોઈએ. એણે મારી પાસે મોબાઈલ માગ્યો, એકવાર નહીં, અનેકવાર, સમજોને સતત મારી પાછળ પડી ગઈ. એની જીદ પુરી કરવાની મારી તાકાત નહોતી, અને એવી મારી આર્થિક પરિસ્થિતિ પણ નહોતી. પણ સતત દીકરી માટે મોબાઈલનો વિચાર ચાલતો હતો અને એજ વિચારમાં સારાં ને બદલે ખોટાં રસ્તાની પસંદગી થઈ ગઈ... બેંકમાં સરસ, મોંઘામાનો, લેટેસ્ટ મોબાઈલ દેખાતાં મન પરનો કાબૂ ગયો અને હું મોબાઈલ લઈ ભાગી ગયો!!

મમ્મી, તમે મારાં પર વિશ્વાસ કરો કે ના કરો પણ હું ભગવાનની સોગંધ લઈને કહું છું કે મે ચોરી કયારેય કરી નથી અને કરવાનો પણ નથી. મારા આવાં કારસ્તાનથી મારી દીકરી શિવાની તો મારાંથી પણ વધુ દુઃખી છે. એણે મને કીધું. 'પપ્પા, મેં મોબાઈલની જીદના કરી હોત તો તમે આવું દુષ્કૃત્ય કર્યું જ ના હોત, તો પણ તમારે આવું નહોતું જ કરવું. હવે આ વાત બધાંને ખબર પડશે. આપણી ઈજ્જત-આબરૂનાં કાંકરા થશે. પપ્પા હું હવે જિંદગીમાં કયારેય મોબાઈલ વાપરીશ નહીં. એજ મારી શિક્ષા છે.' મારાં મમ્મી પણ બોલ્યા. 'તારા માટે હું બેંક મેનેજર અને જેનો મોબાઈલ ચોર્યો છે એ સુબોધની પણ માફી માંગવા તૈયાર છું.' આ સાંભળ્યા બાદ મારાંથી તો રડી જ પડાયું. મેં મારી મમ્મીને કીધું, મમ્મી, મારાં માટે તારે નીચા જોવા પણું થયું. તું માફી ના માંગીશ, એ કામ મને જ કરવા દે...!! સમીર ગળગળો થઈ બોલતો હતો. શું કહું મમ્મી તમને, મને મારી જ એટલી શરમ આવે છે કે શબ્દોમાં કહી શકતો નથી. કરશો ને માફ, પ્લીઝ? આજ મારી પહેલી અને છેલ્લી ભૂલ. શું આદર્શ મુકયાં મેં મારાં બાળકો સમક્ષ? સમીર પશ્ચાતાપનાં અશ્રુ સાથે વિનવવતો હતો, મને માફ કરો!!

સુધાબેન બોલ્યા, 'સમીર, ખરેખર જો તને પશ્ચાતાપ થયો હોય, પસ્તાવો થયો હોય તો મેં તને માફ કર્યો. તારી દીકરી શિવાનીને મારાં ઘરે મોકલજે, અમારે તેને શું સમજાવવાનું છે તે સમજાવીશું. રવિવારે શિવાની સુધાબેનને ઘરે પહોંચી. સુધાબેને એને દીકરીની જેમ સમજાવી.' જે ઘટના બની તે બનવી નહોતી જોઈતી, પણ તારાં પપ્પા ખુબ સારા છે. અને તું પણ ડાહી છે. જે થયું તે સારાં માટે જ બન્યું, હવે એવો જ વિચાર કરવાનો. જિંદગીમાંકોઈ વાતની જીદ કરતાં પહેલાં વિચાર કરવો કે આપણાં મા-બાપની પરિસ્થિતિ શું છે? ગમે તે વસ્તુની જીદ વિનાશને નોંતરે છે, હવે ખબર પડીને તને? આ ઘટનાથી સમીર-શિવાની બાપ-બેટીનાં વિચારમાં ઘણો બદલાવ આવી ગયો. અને એટલે સુધાબેન-સુબોધ રાજી થયાં... જિંદગીમાં ખુબ પ્રગતિ કરોના આશીર્વાદ સાથે સુબોધે શિવાનીને સેમસંગનો ચેમ્પ મોબાઈલ એને ભેટમાં આપ્યો... આંખોમાં ઉમટી આવેલા અશ્રુને બાંયથી લૂંછતાં શિવાનીએ એ મોબાઈલ એનાં હાથમાં લીધો અને બંને બાપ-બેટી છલકાતી આંખે, પશ્ચાચાપથી ધોવાઈને બહાર નીકળી ગયાં, ત્યાં જ સુબોધની નાની દીકરી શચી કવિ કલાપીની કવિતા, હા! પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઉતર્યું છે. પાપી તેમાં ડુબકી દઈને પુણ્યશાળી બને છે.' ગાઈ રહી હતી!!

**ચૂંટલો :**

બાળકોની અઘટીત વસ્તુની માંગણીઓની સતત ઉઘરાણી મા-બાપને કયારેક અવિચારી પગલું ભરવાં પ્રેરિત કરે છે અને સરવાળે પરિવારની ઈજ્જતનો ફાલુદો બની જાય છે.

- hellosanjay108@gmail.com

## પારિજાત (પાના નં. ૪ નું ચાલુ)

*જોતજોતામાં દિવસ પૂરો થઇ જાય એની ખબર ના પડે અને એમ કરતાં આયખું પણ પૂરું થઇ જાય. મનમાં કડવાશના બદલે ઠળવાશ રાખવાથી.*

*"ઓચિંતુ કોઇ મને રસ્તે મળે ને કહી દીરેથી પૂછે કે કેમ છે,*

*આપણે તો કહીએ કે દરિયા શી મોજમાં ને ઉપરથી કુદરતની રહેમ છે.*

*આંખમાં પાણી તો આવે ને જાય નથી, ભીંતર ભીનાશ થતી ઓછી*

*સૂરજ તો ઊગે ને આથમીયે જાય મારી ઉપર આકાશ એમનેમ છે અને ઉપરથી કુદરતની રહેમ છે."*

- ધ્રુવ ભટ્ટ